**રાજભવનમાં નવી સોલર પીવી સિસ્ટમ સંચાલિત ૧૦૦ KW ગ્રીડ જોડાણ તથા નવનિર્મિત ગાર્ડ બેરેકનું રાજ્યપાલશ્રીના હસ્તે ઉદઘાટન**

**તા. ૨૨/૧૦/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ આજે રાજભવન ખાતે નવી સોલર પીવી સિસ્ટમ સંચાલિત ૧૦૦ KW ગ્રીડ જોડાણ તથા નવનિર્મિત સુરાક્ષા ગાર્ડ બેરેકનું ઉદઘાટન કર્યું હતું.

ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાના સહયોગથી રાજભવનમાં KW ગ્રીડની નવી સોલર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જેનાથી વીજ વપરાશમાં નોંધપાત્ર બચત થશે.

રાજ્યપાલશ્રીએ સુરક્ષા કર્મીઓ માટેના અધિક સુવિધાથી સજ્જ નવનિર્મિત બેરેકનું પણ આજે ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાના અધ્યક્ષશ્રી અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------------------